**Published on dated 1st & 15th every months**

"જનસમૂહની નિરક્ષરતા એ હિન્દુસ્તાનનું પાપ છે, શરમ છે; અને તે દૂર કરવી જ જોઈએ." — મહાત્મા ગાંધી

यथा प्रजा तथा राजा

*વાર્ષિક લવાજમ : રૂ. ૪૦*

# લોકજીવન

साक्षर भारत

*(નવું વાંચતા-લખતા શીખેલા અને ગામવાસીઓ માટેનું ગૂજરાત વિદ્યાપીઠનું પખવાડિક)*

**વર્ષ - ૬૯** **૧ જાન્યુઆરી, ૨૦૧૭** **અંક - ૧૦**



# સત્યાગ્રહીની દિનચર્યા

– *ગાંધીજી*



'સત્ય' શબ્દ સત્‌માંથી છે. સત્ એટલે હોવું. સત્ય તે હોવાપણું. સત્ય સિવાય બીજી કોઈ વસ્તુને હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે એમ કહેવા કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે. આપણું રાજકર્તા વિના, સરદાર વિના ચાલતું નથી. તેથી પરમેશ્વર નામ વધારે પ્રચલિત છે અને રહેવાનું. પણ વિચાર કરતાં તો 'સત્' કે 'સત્ય' એ જ ખરું નામ છે ને એ જ પૂર્ણ અર્થ સૂચવનારું છે.

# ક્યાં ખોવાયું આ બધું ?

— ડો. લક્ષ્મણભાઈ અવૈયા

હા હું તમારું ગામ બોલું છું.

તમારા ગામમાં પહેલાં શું હતું ? આજે શું છે ? એ પર તમે જ નજર નાંખો. ઘણાં વર્ષો પહેલાંનું ગામ. અત્યારનું ગામ એ વખતનો ગોંદરો. એ વખતનું પાદર. એ વખતની શેરિયું. આજની બજારું. તળાવ, નદીનાળાં-ગામતળ અને ગૌચર. આ બધાની વાત છે.

ગામના ઉત્સવોની પરંપરા, સામાજિક-ધાર્મિક રિવાજો-પરંપરા. દિવાળી હોય કે નવરાત્રિ. હોળી-ધૂળેટી હોય કે જન્માષ્ટમી — આ બધું આજે પણ છે. પહેલાં પણ હતું. મને તો તેમાં ફરક દેખાયા કરે છે.

હળવામળવાનું ને સંપીને રહેવાનું. સારા-માઠા પ્રસંગે એકબીજાની પડખે ઊભા રહેવાનું. આ બધામાં ફરક પડતો જાય છે. ગામમાંથી શહેર ભણી દોટ. ગામની સુખી સંસ્કૃતિ મૂકીને શહેરની ભાગદોડમાં અટવાતું જીવન. સમય જતાં આ બધું બદલાતું ગયું. ગામમાં પહેલાં તો જુવાનોનાં ટોળેટોળાં દેખાતાં. આજે ક્યાં ખોવાયાં ? ભણવા કે કામધંધે બહાર નીકળતાં ગયાં.

ગામની ખેતી પહેલાંની અને આજની. ખેતી કરવી નથી. એમ પણ કહો છો કે ખેતી કરવી મોંઘી પડે છે. ગામમાં મજૂર મળતા નથી. મજૂરી મોંઘી પડે છે. આ બધું બદલાતું જાય છે. બળદ અને બળદગાડાં દેખાતાં બંધ થતાં જાય છે. આધુનિક ખેતીમાં ટ્રેક્ટરનો ઉપયોગ થતો જાય છે. મોટી ખેતી નાની થતી જાય છે. વસતિ વધતી જાય છે. જમીનના ભાગલા પડતા જાય છે. એકાદ-બે વીઘામાં કેટલા જણા નભે !

પાણીનાં તળ પણ ખોવાયાં. જ્યાં કોશ કે એન્જિન ચાલતાં તે દેખાતાં બંધ થયાં. ભર્યા કૂવાનાં તળિયાં કોરાં થયાં. જાર-બાજરીનાં ખેતર ઓછાં થયાં. બી.ટી. કપાસના વાવેતર વધ્યા. જાર-બાજરીના ખેતરમાં ઊડતા પંખીઓનાં ટોળાં ક્યાં ગયાં ? ગોફણના ઘા ફેંકી એકબીજાના ખેતરે સંભળાતા ટહુકા ક્યાં ગયા ?

ગામના પાદરે ગોંદરો હતો. ઝાડનાં ઝુંડ હતાં. આંબલી-પીપળીની રમતું રમાતી. સાંજ-સવાર ને વૅકેશનમાં છોકરો ગોંદરો ગજવતા. રાતના આંધળાપાટાની રમતું રમાતી. શેરીઓ ગાજી ઊઠતી. એ વખતની શેરી પાકી નહોતી, પણ ચોખ્ખી હતી. આજે શેરી ભલે પાકી હશે, પણ પાણીની રડબડ શેરીમાં દિવસે ક્યાં પગ મૂકીએ તે સવાલ થાય છે. રાત્રે તો કેવી રીતે રમવું ?

આજે નથી ગામનાં તળાવની પાળો, માટી ખેંચી ગયા તમે જ લોકો. ગામતળનાં ઝાડ પણ કપાયાં. ગોંદરો ખોવાઈ ગયો. ખળાવાડ પણ ખોવાણી. ખળાવાડમાં રમાતી રમતો પણ ખોવાણી. ઝાડના છાંયે બેસતું ગાયનું ધણ દેખાતું બંધ થયું.

હારબંધ શણગારેલાં બળદગાડાંની જાન આવતી અને જતી નજરે જોઈ હતી. આજે વાહનો જવા માંડ્યા. ધુમાડા ઓકતાં આ વાહનો વધતાં ગયાં. ઢોલ શરણાયું વાગતી. આજે બેન્ડવાજાંના દેકારા થાવા માંડ્યા છે. એકપંગતે બેસીને સાથે જમવા રિવાજો ક્યાં ખોવાયા ? આજે તમે જેને બુફે કહો છો એ સંસ્કૃતિ વ્યાપી ગઈ છે. ઊભા રહેવાનાં કે બેસવાંનાં ઠેકાણાં નૈ. જમવા માટે ટોળું ભેગું થયું હોય એવું લાગે. છાપટ બેસાય નૈ, ઉભડક બેહતાં ફાવે નૈ.

કેટકેટલું યાદ કરીને તમને કહું ! નજરે જોયું છે, નજરે જોઉં છું તેથી આ વેદના ઠાલવું છું. નાનો પણ હૈયું હરખાય એવો એ વૈભવ ક્યાં ખોવાયો ?

**સત્યનો, અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલો જ સાંકડો છે, ખાંડાની ધારે ચાલવા જેવો છે. બજાણિયા જે દોરી ઉપર એક નજર કરી ચાલી શકે છે તેના કરતાં પણ સત્ય, અહિંસાની દોરી પાતળી છે. જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથી જ તેનાં દર્શન થાય.**

# પંચાયત વાચનમાળા

## પરિચય અને ઉપયોગ

– ડો. લક્ષ્મણભાઈ અવૈયા

## પાઠ ૪ : સબળ ગામસભા

પંચાયત વાચનમાળાનો આ ચોથો પાઠ છે. આ પહેલાં ગામ સંબંધિત ત્રણ પાઠનો પરિચય કર્યો. ગામ, ગામના લોકો અને ગામની જરૂરિયાત. તેમાં નવા અક્ષરો મ, ર, ગ, ન, લ, ક, જ, ય, ત નો પરિચય થયો. આ ચોથો પાઠ પણ ગામને સંબંધિત છે. પાઠનું નામ છે સબળ ગામસભા. ગામના પ્રશ્નો અને તેનાં ઉકેલ માટે ગામલોકો ભેગા મળે છે. સરકાર દ્વારા પણ ગામસભાનું તબક્કાવાર આયોજન કરવામાં આવે છે. સહુ લોકો ગામસભામાં સામેલ થાય તે જરૂરી છે. ગામસભા પરિણામલક્ષી બને તો સબળ ગામસભા કહેવાય.

પાઠ ૪માં સ, ભ, બ, ળ નવા અક્ષરો છે. સંજ્ઞાઓ અગાઉના પાઠમાં આવેલી છે, તેનો ઉપયોગ થયો છે. આ અક્ષરની મદદથી ૧૨ જેટલા શબ્દો પણ બન્યા છે.

શબ્દવાંચનમાં પણ ૧૦ જેટલા શબ્દો આપવામાં આવ્યા છે, જેનું વાંચન કરવાનું છે. વાંચન થાય તો વાંચન-ટેવ વિકસે. વાંચવાનું પાકું થાય. ભૂલાય નહીં. શબ્દો વાંચી શકીએ. શબ્દોમાંથી જ વાક્ય બને. આગળના પાઠમાં પણ વાક્યો હતાં, નાનાં નાનાં હતાં. આ પાઠમાં વાક્ય થોડું લાંબું થયું. ચાર શબ્દોનું વાક્ય છે. શબ્દો વંચાય, વાક્ય વંચાય. ધીમે ધીમે વાંચતા જઈએ.

સ્વાધ્યાયમાં અક્ષર, શબ્દ અને વાક્ય વાંચી અને લખવાના છે. વાંચન સાથે લેખનનો મહાવરો કરવાનો છે.

નવા અંક વાંચતાં, લખતાં અને બોલતાં શીખવાના છે. આગળના ત્રણ પાઠમાં ૩૦ સુધી શીખ્યા. આ પાઠમાં ૪૦ સુધી શીખવાનું છે. આ અંકોને ક્રમમાં લખવાના છે. દશક અને અંકમાં લખવાનો મહાવરો કરવા માટે ખાના આપેલા છે.

| | સ | ભ | બ | ળ |
|---|---|---|---|---|
| સ | સરકાર | સમાજ | કિસાન | |
| ભ | ભાર | લાભ | સભા | |
| બ | બાબત | બાગાયત | બાલિકા | |
| ળ | લીંબોળી | ગળતર | મળતર | |

**અક્ષર વાંચો :**

| | | | |
|---|---|---|---|
| સ | ભ | બ | ળ |
| સૂ | ભે | બી | ળો |
| સિ | બિ | | |

**શબ્દ વાંચો :**

| | | | |
|---|---|---|---|
| ભર | રસ | ભારતીય | ગામતળ |
| સભા | સંગ | સમરસ | સમિતિ |
| સરળ | ગરીબી | | |

**વાક્ય વાંચો :**

ગામમાં ગામસભા.

નિયમ મુજબ ગામસભા મળી.

મીના તું ગામસભામાં જા.

ગામના સવાલો રજૂ કર.

## સ્વાધ્યાય

**અક્ષર વાંચો અને લખો :**

સો ________ ________ ________ ________

ભા ________ ________ ________ ________

બી ________ ________ ________ ________

ળુ ________ ________ ________ ________

**શબ્દ વાંચો અને લખો :**

ભારત ________ ગામજનો ________

ગોરસ ________ સમિતિ ________

ગામસભા ________ ગરીબ ________ નળ ________

સબળ ________ સામાજિક ________ સભાનતા ________

**નીચેનાં વાક્યો જોઈને ફરીથી લખો :**

(૧) લોકો ગામસભામાં જાય ________________

(૨) રમા બાલિકા યોજના સમજ ________________

(૩) બકુલા ગામસભા બોલી ________________

(૪મ)ગામસભામાં ગામલોકોનાં કામો કરાય

________________

નવા અંક વાંચતાં, લખતાં, બોલતાં શીખીએ : (૩૧થી ૪૦)

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ |

૩૧ થી ૪૦ ક્રમમાં લખો :

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | | | | | | | | | ૪૦ |

ઉદાહરણ મુજબ દસકો અને છૂટા અંક લખો :

| | દસકા | છૂટા અંક | | | દસકા | છૂટા અંક |
|---|---|---|---|---|---|---|
| ૩૧ | ૩ | ૧ | | ૩૬ | | |
| ૩૨ | | | | ૩૭ | | |
| ૩૩ | | | | ૩૮ | | |
| ૩૪ | | | | ૩૯ | | |
| ૩૫ | | | | ૪૦ | | |

# પંચાયતથી પાટનગર

*– લક્ષ્મણભાઈ અવૈયા*

દીકરીનું મૂલ આંકવાનું ન હોય. દીકરી તો ખરી મૂડી છે. ગામથી દેશ અને પરદેશ સુધી દીકરીએ પ્રગતિની સફર કરી છે. કોઈ ક્ષેત્ર એવું નહીં હોય જ્યાં દીકરીએ નામ રોશન ન કર્યું હોય.

એક વખત એવો હતો દીકરી રાજકીય ક્ષેત્રે આગળ નહોતી આવતી. હવે વખત બદલાતો જાય છે. મહિલાઓ પણ રાજકીય ક્ષેત્રે ગજું કાઢતી જાય છે. એ પછી ગ્રામપંચાયત હોય કે સંસદ. મહિલાઓ આ ક્ષેત્રે આગળ આવે તે માટે સરકારે પણ પ્રયાસો તો કર્યા જ છે. આ માટે સરકારે ૩૩ ટકાનું આ રક્ષણ ઠરાવ્યું. ઘણી મહિલાઓ આ ક્ષેત્રે આગળ વધી. હજી તેમાં પણ ઘણું કરવાનું બાકી છે.

ગ્રામપંચાયતોની ચૂંટણીઓમાં સરપંચ બની ઘણાં ગામોની રોનક બદલાણી. ભણેલી મહિલાઓ વધુ સારો વહીવટ કરતી થઈ. નિરક્ષર મહિલાઓને હજી અવરોધો નડે છે. માત્ર ગ્રામપંચાયતમાંથી નહીં, પરંતુ તાલુકા અને જિલ્લા પંચાયતોમાં પણ ચૂંટાઈ. તાલુકા કે જિલ્લા પંચાયતના પ્રમુખોના હોદ્દાઓ પણ લીધા. નગરપાલિકાના પ્રમુખ કે મહાનગરના મેયર તરીકે પણ સ્થાન શોભાવે છે.

ગામ, તાલુકા કે જિલ્લા સુધી નહીં પરંતુ પાટનગર સુધી ધારાસભ્ય, સંસદસભ્ય, મંત્રી તરીકે પણ બિરાજમાન થઈ. મહિલાઓનું ગૌરવ વધાર્યું. ઘણાં વર્ષો પહેલાંથી આ દિશાએ આગળ વધવાનું શરૂ થયું. આજે તો આ પંથે ખૂબ જ પ્રગતિ થતી નજરે જોઈ શકાય છે. એક વખત દેશના વડા પ્રધાન પણ મહિલા હતા અને રાષ્ટ્રપતિ પણ મહિલા હતા. સ્વબળથી આગળ વધ્યાં. આ પદ સુધીની સફર પૂરી કરી. મહિલામાં રહેલી શક્તિનાં દર્શન કરાવ્યાં. હવે તમે જ કહો કે આપણે દીકરીનું મહત્ત્વ શું કામ ઓછું આંકવું !

દીકરીને ભણતર મળે. આગળ

વધવાની તક મળે. આ માટે પ્રોત્સાહન, પ્રેરણા અને માર્ગદર્શન પૂરાં પાડવાની જરૂર છે. આગળ વધવા માટેનાં અરમાનો પૂરાં કરવાનાં છે. પછી તે પંચાયતથી પાટનગર સુધી અને આંગણવાડીથી અવકાશ સુધીની સફર સુખદ રીતે પાર પાડશે.

આવું જ હોય તો દીકરીના જન્મને શું કામ અટકાવીએ. દીકરીના જન્મને વધાવીએ. દીકરા કરતાં સહેજ પણ ઓછું મહત્ત્વ તેનું ન આંકીએ. ઘેર ઘેર સંદેશો પહોંચાડીએ. દીકરીમાં પડેલાં હીરની વાતું ગાજતી કરીએ. ગામ હોય કે શહેર, નગર હોય કે મહાનગર, દીકરીની સંખ્યા ઘટશે તે પરવડશે નહીં. માટે જ દીકરીને બચાવીએ, દીકરીને સાચવીએ.

//==//==//==//

## દીકરી-દીકરાના ભેદ હવે ટાળજો

દીકરો હોય કે દીકરી. બેઉ સરખાં ગણવાં. દીકરો દીકરી કરતાં ચડિયાતો શાનો ? આ તો માણસના મનની ઊથલપાથલ છે. બાકી જન્મ તો બંનેનો એક સરખી રીતે જ થાય છે. કુલ સરવાળે તો દીકરા કરતાં દીકરી ચડિયાતી છે. ઘરનું કામ કરે, બધા કામમાં માને મદદ કરે. દીકરો શું કરે ? આ આપો, તે આપો. આ નહીં ચાલે, પેલું નહીં ચાલે. આ અને આવું તો બીજું ઘણુંબધું.

આપણે અહીં કોણ ચડિયાતું, કોણ ઊતરતું; તેનાં લેખાંજોખાં નથી કરવાં. વાત તો દીકરા સાથે દીકરીની સરખામણીની છે. આપણે જ ભેદરેખા ઊભી કરીએ છીએ. દીકરીમાં પણ અખૂટ શક્તિઓ રહેલી છે. તેને તક મળે, અવસર મળે તો આભને પણ આંબી જાય. આ બધું આપણે જાણીએ છીએ. મનની ભેદરેખા ભૂંસાતી નથી અને તેથી જ પુત્ર-જન્મની ઝંખના થયા કરે છે.

# સંતોની જીવનપ્રસાદી

*– મુકુલભાઈ કલાર્થી*

આચાર્ય હેમચંદ્ર જૈન ધર્મમાં બહુ મોટા વિદ્વાન થઈ ગયા.

એક વાર આચાર્યશ્રી સાંભર નામના ગામે પધાર્યા હતા. તે વખતે તેમના એક ભક્તે પોતાની સ્ત્રીએ કાંતેલા જાડા સૂતરમાંથી વણાવેલું કોરું પાણકોરું આચાર્યજીને ભેટ ધર્યું.

આચાર્ય હેમચંદ્ર ગુજરાતના રાજા કુમારપાળના ગુરુ હતા. આચાર્યજી જ્યારે પાછા પાટણ આવ્યા, ત્યારે કુમારપાળ તેમ જ બીજા રાજાઓ તેમનું સ્વાગત કરવા સામા આવ્યા. પરંતુ આચાર્યશ્રીને ખડબચડી જાડી ખાદી ધારણ કરેલા જોઈને કુમારપાળે કહ્યું : ''ગુરુજી, આપ મારા ગુરુ છો. આ આવું જાડું કપડું ધારણ કરો એ તો મારે માટે લાજી મરવા જેવું છે !''

આચાર્ય હેમચંદ્ર બોલ્યા : ''તારા રાજ્યમાં તારી પ્રજા કંગાળ દશામાં માંડ માંડ પોતાનું પેટ ભરે છે અને અંગ ઢાંકે છે, એનાથી તું નથી લાજી મરતો ? અમારા જેવા સાધુને શું ? અમારે તો આવાંયે લૂગડાં ક્યાંથી હોય ? અમને તો જૂનાં ફાટેલાંતૂટેલાં વસ્ત્ર પણ ચાલે. બીજા માણસો ઉપર આસક્તિ તો ન જ રાખીએ અને પોતાના દેહની પણ અમે ચિંતા ન કરીએ. ભમરો જેમ એક પણ ફૂલને કોચ્યા વિના અનેક ફૂલ પાસે ભમી ભમીને પોતાનું પેટ ભરે છે, તેમ અમે પણ ઘેર ઘેર ભિક્ષા માગીને પરોપકારાર્થે દેહ ગાળીએ છીએ.''

## નિરક્ષરતાનું કલંક મિટાવું

આ કામ ધારીએ તો અઘરું નથી. તેને સરળ કેમ બનાવવું તે પણ પ્રેરકે જ નક્કી કરી લેવાનું છે. ગામનું કામ છે. એટલે ગામના બધા ભણેલાની પણ એ જ ચિંતા બનવી જોઈએ. આવી ચિંતા ભણેલાને નથી થતી તેથી જ તો નિરક્ષરતા પડી પાથરી રહે છે. કહો કે નિરક્ષરતા ઘટતી નથી. પ્રેરકે ગામના ભણેલા યુવાનોને જગાડવાના છે. બધાના આત્માને ઢંઢોળવાના છે. ગામનાં કામ માટે સદ્‌ભાવ જગાડવાનો છે. આ કામ લાગણીથી કરવાનું કામ છે. ગામનાં કામ માટે લાગણી તો હોય જ છે. તો આ કામ માટે લાગણી કેમ ન જાગે ? આ લાગણી જગાડનાર અને નિરક્ષરતાને ભગાડનાર પ્રેરક અડીખમ ઊભો છે.

# ધરતીનો સાદ

*– પુષ્પા ક. શાહ*

એનું નામ રતન. રતન વાસણની ફેરી કરે. કાચનાં ને સ્ટીલનાં વાસણનો ટોપલો માથે મૂકીને નીકળે... 'લેવાં છે વાસણ...' કરતો એનો સાદ શેરીમાં પડે. બોલવાનો લહેકો મીઠો ને અવાજ પહાડી.

શેરીનાં બહેનો રતનનો અવાજ સાંભળતાં તેઓ જૂનાં અને ફાટેલાં કપડાં એને આપતાં. બદલામાં એની પાસેથી વાસણ લેતાં. ઘરાકને સમજાવવાની એની આવડત સારી. એટલે એની લેવડદેવડ બરાબર ચાલતી.

માયાબહેન પણ એનાં ઘરાક. એને જ કપડાં આપે ને બદલામાં વાસણ લે.

રતનનું રૂપાળી સાથે લગન થયું. રૂપાળી પણ એની સાથે ફેરી કરવા નીકળે. કોઈ વાર આવેલાં કપડાં સરખાં કરી આપે. બેય જણ સાંજસવારે બજારમાં બેસી કપડાં વેચી આવે.

જોડું જોવા જેવું. રૂપાળી સ્વભાવે આનંદી. નામ તેવા ગુણ. ભલેને વાઘરી કુટુંબની હતી, પણ ભગવાને નિરાંતે ઘડી હોય એવું એનું રૂપ. એના ગાલ પરનું લીલું છૂંદણું તો બહુ શોભતું. ફાટ્યા-તૂટ્યા સાડલામાંથી એનું રૂપ ડોકિયાં કરતું.

રતન એક વાર તેને માયાબહેનને ઘેર લઈ ગયો. માયાબહેને તેનાં વખાણ કર્યાં. નવી સાડી ઓઢવા દીધી.

બપોરટાણું થતાં બંને એક ઝાડ નીચે બેસી રોટલો ખાતાં. આવનાર સુખના દિવસોની વાતો કરતાં. આમ એમના દિવસો સુખમાં જતા.

સમય જતાં રૂપાળી એક દીકરાની મા થઈ. રતન અને રૂપાળીના સુખમાં ભરતી આવી. પોતાનું સંતાન કોને વહાલું ન હોય ? એનું નામ પાડ્યું રમેશ. બંને જણ એને રમાડે ને જોઈ જોઈને ખુશ થાય.

હવે રૂપાળીનું કામ વધ્યું. તે ઘણી વાર ફેરી કરવા પણ ન જઈ શકતી. રતનને બે આંટા વધુ મારવા પડતા.

દિવસો જવા લાગ્યા. નાનકડો

રમેશ બેસતાં શીખ્યો. હવે રૂપાળી એને સાથે લઈ જતી. પડખે બેસાડી કામ કરતી. થોડી નિરાંત થઈ. પણ ત્યાં તો બીજું બાળક આવવાની તૈયારી થઈ. રૂપાળી અને રતનનો સંસાર વધવા માંડ્યો. આનંદ ઓસરવા માંડ્યો. પહેલાં જેવી 'ગુસપુસ' બંધ થઈ. હસીખુશીના દિવસો ઓછા થવા લાગ્યા.

એમ કરતાં કરતાં ત્રીજું બાળક થયું. પછી ચાર થયાં. રૂપાળીનું રૂપ ગયું. તે શરીરે તૂટી ગઈ. તેના ચહેરા પરની ચમક ઊડી ગઈ.

રતન પણ ફેરી ફરતાં કંટાળી જતો. કોક વાર ઘરાક સાથે ઝઘડી પડતો. પરિણામે સોદો બાજુએ રહી જતો.

ધીરે ધીરે આવક ઓછી થવા માંડી. પરિવાર વધી ગયો. રતન અને રૂપાળી વચ્ચે કંકાસ શરૂ થઈ ગયો.



**વાસણની ફેરી કરતો રતન**

રતન ઘણી વાર ઘરે ન આવતો. ઘરમાં પૈસાય ન આપતો.

બિચારી રૂપાળી ! એ ક્યાં જાય ? એને તો છોકરાં સાચવવાં જ પડે.

ચિંતામાં ને ચિંતામાં એનું શરીર નંખાઈ ગયું. ગાલે ખાડા પડ્યા. આંખો ઊંડી ઊતરી ગઈ.

એક દિવસ એ માયાબહેનને ઘેર ઓઢવાનું માગવા ગઈ.

એના હાલ જોઈ માયાબહેને પૂછ્યું : 'રૂપાળી, આવી કેમ થઈ ગઈ ? હમણાં તું વાસણ વેચવા કેમ નથી આવતી? રતનેય નથી દેખાતો ?'

રૂપાળીથી રહેવાયું નહીં. આંખમાં આંસુ સાથે એણે તો બધી વાત કરી દીધી. નાનાં નાનાં છોકરાં, કામ થતું નથી, ને...'એ' તો મન થાય તો ઘરે આવે નહીંતર ના'વે. ધૂનમાં હોય તો પૈસા દે, નહીંતર ના પણ પાડી દે.

માયાબહેનનું હૈયું ભરાઈ આવ્યું. એમણે રૂપાળીને કપડાં તથા ખાવાનું આપ્યાં. છોકરાંની જંજાળમાંથી છૂટવાનો રસ્તો પણ બતાવ્યો. એને વહાલથી સમજાવી. 'બે તો બસ થાય. આ તો ચાર થયાં. હવે એક પણ ન જોઈએ.' આવી સમજણ આપી.

રૂપાળીને ગળે વાત ઊતરી ગઈ.

માયાબહેન એનો સાથે લઈને દવાખાને ગયાં. ડૉક્ટરને મળીને રૂપાળીનું ઑપરેશન કરાવી આપ્યું. માત્ર દશ જ મિનિટમાં એને જિંદગીનું સુખ થઈ ગયું. હૈયે ધરપત થઈ ગઈ. તેને થયું, હવે જંજાળ વધશે નહીં. ઑપરેશન કરાવ્યા બદલ સામેથી રૂપિયા એકસો પચાસ પૂરા મળ્યા. ખોરાકી ખર્ચ પણ ન લીધો. રૂપાળી ખુશ થતી ઘરે ગઈ.

માયાબહેને રતનને પણ કુટુંબનિયોજન વિશે બે શબ્દો કહ્યા. એ હવે સમજી ગયો.

બંનેની ચિંતા ટળી ગઈ. ફરીથી ઘરમાં ઘણી શાંતિ થઈ ગઈ.

રૂપાળીને નવું કામ મળ્યું. એ પોતાના વાસની બહેનોને સમજાવી દવાખાને લઈ જવા લાગી. આ કામનાય તેને પૈસા મળવા લાગ્યા.

રતન અને રૂપાળીનું જીવન સુખી સુખી થયું. તેમણે આવાં ઘણાં કુટુંબને સુખી કરી દીધાં.

નાના કુટુંબની સમજથી સૌ સુખી થયાં.

//==//==//==//==//

## લેખકોને સૂચના

લોકજીવન નવસાક્ષરો માટેનું પખવાડિક હોઈ, એ માટે મોકલાતાં લખાણો એની વિભાવનાને અનુરૂપ હોવાં જોઈએ. જેમાં સામાજિક સભાનતા, શોષણખોરી સામે જાગૃતિ, વહેમ અને કુરૂઢિઓનો ત્યાગ, નાગરિક હક્કો અને ફરજો, વિકાસ યોજનાઓ, ઉપરાંત દેશભક્તિ, ગ્રામોદ્ધાર અને લોકકેળવણીની, ગાંધીજીની વ્યાપક દૃષ્ટિને નજર સમક્ષ રાખીને એનાં વિવિધ પાસાંને આવરી લેતાં લખાણો આવકાર્ય થશે.

લખાણોની ભાષા સરળ અને ઓછા જોડાક્ષરોવાળી હોવી જોઈએ. લખાણ ટૂંકું, સ્વચ્છ અક્ષરોમાં, શુદ્ધ જોડણીવાળું અને કાગળની એક જ બાજુએ લખેલું હોવું જોઈએ.

અસ્વીકાર્ય લખાણ પાછું મેળવવા ઇચ્છનારે સાથે પોસ્ટેજ બીડ્યું હશે તો જ તે પાછું મોકલાશે.

‘લોકજીવન’માંથી ઉતારાતા કોઈ પણ લખાણ નીચે ‘લોકજીવન’નો ઉલ્લેખ કરવો આવશ્યક છે.

## ગ્રાહકોને / વાચકોને

આ પખવાડિક દર મહિનાની ૧લી અને ૧૫મી તારીખે બહાર પડશે.

એક અઠવાડિયામાં અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહક નંબર લખી ખબર આપવાથી તે અંક મોકલવામાં આવશે. એ પહેલાં ટપાલખાતામાં પૂરી તપાસ કરી લેવા વિનંતી છે.

સરનામાનો ફેરફાર અમને તરત જણાવશો કે જેથી નવો અંક નવા સરનામે મોકલી શકાય.

પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અવશ્ય જણાવવા વિનંતી છે.

**લવાજમ દર :** વાર્ષિક લવાજમ રૂ. ૪૦/-; છૂટક નકલ રૂ. ૪/-

‘લોકજીવન’નું લવાજમ **રાજ્ય પ્રૌઢશિક્ષણ સંસાધન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**ના નામે ચેક, ડ્રાફ્ટ, મનીઓર્ડરથી મોકલવા વિનંતી.

**Regd No. G.A.M.C. 46/2015-17 Valid upto 31-12-2017** **LOKJIVAN**
**RNI New Delhi No. 6040/57. Due on 1st & 15th of every month, Posted at Ah'd PSO stg. office**

# વર્ષ તો બદલાય છે...પણ...

— *સંપાદક*

એક જ વર્ષમાં અનેક વખત વર્ષ બદલાય છે, દરેક ધર્મ પ્રમાણે વર્ષ બદલાય. બેસતા વર્ષના નવા નવા સંકલ્પ થાય. પછી ભૂલી જવાય. ફરી નવું વર્ષ આવે. આમ ને આમ ચાલ્યા કરે.

૧ જાન્યુઆરીએ પણ નવું વર્ષ પ્રારંભ થાય. નવા સંકલ્પ સાથે વર્ષની ઉજવણી થાય. આનંદ થાય. વાત આનંદ અને ઉજવણીની છે. દિવસ પૂરતું મર્યાદિત આનંદ સાથે કોઈ નવો આવકાર્ય સંકલ્પ કરવામાં આવે તો ? આવું કદાચ થતું હશે, પરંતુ પોતાના માટે. કોઈ જાહેર કે સામાજિક કામ માટે થવું જોઈએ. એવાં ગામતળે ઘણાં કામ છે. ગામ માટે, સમાજ માટે આવું થઈ શકે.

ગામને નિરક્ષરતામુક્ત કરવાનો સંકલ્પ થાય. ગામને વ્યસનમુક્ત કરવાનો સંકલ્પ કેમ ન કરી શકાય ? ગામને પ્લાસ્ટિકમુક્ત પણ કરી શકાય. ઝાડ વાવી ગામને હરિયાળું બનાવી શકાય. પાણીનો બગાડ અટકાવી, પાણી બચાવી શકાય. ભ્રૂણમાં થતી દીકરીની હત્યાને અટકાવી શકાય. આવી તો ઘણી મોટી યાદી થઈ શકે. કેટકેટલું કરવાનું હજી બાકી છે. સંકલ્પ પૂરા કરવાના બાકી છે.

કોણ કરશે આ બધું ?

આ બધું આપણે જ કરવાનું છે.

સમાજના અને લોકહિતમાં આપણે કરવું પડશે. સામૂહિક રીતે પણ થઈ શકે. વ્યક્તિગત રીતે પણ કરી શકાય. આખા ગામ માટે લોકહિતમાં ગામ સંકલ્પ કરે. કોઈ એક સમાજના હિત માટે જે તે સમાજ સંકલ્પ કરે. યુવાનો સંબંધિત સમસ્યા માટે ગામના યુવાનો કે યુવક મંડળ નિર્ધાર કરે. ગ્રામપંચાયતે કરવા જેવો સંકલ્પ પંચાયત કરે. રાજકીય પદાધિકારીઓએ કરવા જેવા સંકલ્પ તે પણ કરી શકે. એક જાગૃત નાગરિક તરીકે, નાગરિક સંકલ્પ કરી શકે.

નવું વર્ષ બેઠું, તેથી સંકલ્પ કરી, તેને પરિપૂર્ણ કરીએ. ગામ માટે, સમાજ માટે એક થઈએ. સંકલ્પને પરિપૂર્ણ કરીએ.

Printed & Published by **DR. RAJENDRABHAI AMULAKHBHAI KHIMANI** on behalf of **GUJARAT VIDYAPITH MANDAL** and Printed at **Navajivan Mudranalaya,** Near Stadium, P.O. Navajivan, Ahmedabad-380 014 and Published from Gujarat Vidyapith, Ashram Road, AHMEDABAD-380 014. Editor - **DR. LAXMANBHAI D. AVAIYA.**